
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62






સપ્ટેમ્બર-૨૦૧૮ અંક - ૯
વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૬
માસિક કિંમત-૧૦
વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

kerala





શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને
શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા આયોજીત

# ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૮

**તા. ૨૩-૧૨-૨૦૧૮, રવિવાર સવારે ૮.૦૦ કલાકે**
**ગ્રાઉન્ડ સ્થળ : વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસીટી, યુનિર્વસીટીરોડ, ઉધના મગદલ્લારોડ, સુરત**

**ભાગ લેનાર ટીમ (૧) સુરત-એ (૨) સુરત-બી (૩) વડોદરા (૪) વ્યારા (૫) નવસારી (૬) અંકલેશ્વર-બીલીમોરા(જોઈન્ટ ટીમ) (૭) મુંબઈ (૮) પાલ વિભાગ**

**નિયમો :-**

- ❖ ટુર્નામેન્ટ ટેનિસ બૉલથી રમાડવામાં આવશે તથા ટીમનો ડ્રેસ કંપલસરી રહેશે.
- ❖ ટુર્નામેન્ટની લીગ મેચો ૮/૮ ઓવરની રમાડવામાં આવશે, જેમાં દરેક બૉલર ૨ ઓવરથી વધુ નાંખી શકશે નહીં. સેમી ફાયનલ તથા ફાયનલ સમય મર્યાદા અનુસાર ૧૦/૧૦ ઓવરની રમાડવામાં આવશે. જેમાં કોઈપણ બે બૉલર ૩ ઓવર તથા કોઈપર બે બૉલર ૨ ઓવર નાંખી શકશે.
- ❖ એમ્પાયરનો નિર્ણય આખરી રહેશે.
- ❖ ટીમની પસંદગી સ્થળ પર ડ્રો સીસ્ટમથી કરવાની હોય દરેક ટીમે સમયસર હાજર રહેવું.
- ❖ દરેક ટીમની એન્ટ્રી ફી રૂા. ૩,૦૦૦/- નકકી કરવામાં આવી છે. જે તા. ૩૧.૧૦.૨૦૧૮ સુધીમાં જમા કરાવવી.
- ❖ ટુર્નામેન્ટના પાસ વ્યકિત દીઠ રૂા. ૧૫૦/- નકકી કરેલ છે. જે તે એકમ પોતાના વ્યકિત માટે પાસ દીઠ રૂા. ઉઘરાવી તા. ૩૦.૧૧.૨૦૧૮ સુધીમાં સુરત એકમને જમા કરાવવાના રહેશે. ત્યાર પછી રૂા. ૨૦૦/- વ્યકિત દીઠ રહેશે અને સ્થળ પર પાસ મળશે નહીં.
- ❖ ટુર્નામેન્ટ માટે સ્પોન્સરશીપ આવકાર્ય છે. તો આપશ્રી યોગ્ય ફાળો આપશોજી.

## સ્પોન્સરશીપ

**(૧) રૂા. ૨૧,૦૦૦/- ટ્રોફી સ્પોન્સર (૨) રૂા. ૧૫,૦૦૦/- ગ્રાઉન્ડ સ્પોન્શર**
**(૩) રૂા. ૫,૦૦૦/- મંડપ સ્પોન્સર (૪) રૂા. ૫,૦૦૦/-જમણવાર સ્પોન્સર**
**(૫) રૂા. ૨,૫૦૦/- ચા-કોફી નાસ્તા સ્પોન્સર**

**આ ઉપરાંત કોઈપણ એકમ કે વ્યકિત પોતાનો સ્વેચ્છિક ફાળો નોંધાવી શકે છે.**

## વધુ માહિતી માટે નીચેની વ્યકિતનો સંપર્ક કરવો.....

**હેમંતભાઈ સી. મિસ્ત્રી-પ્રમુખ (મહામંડળ) - ૯૯૨૪૨ ૧૧૦૨૨**
**નિશીકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી(મહામંડળ)- ૯૮૨૫૦ ૮૧૩૫૯**
**મુકેશભાઈ કે. પંચોલી-પ્રમુખ (સુરત એકમ) - ૯૮૨૫૪ ૮૧૩૭૩**
**ધવલભાઈ જે. પંચોલી-મંત્રી(સુરત એકમ) - ૯૭૨૭૦ ૩૭૯૧૩**
**ઉમેશભાઈ બી. પંચોલી-(મેચ કન્વીનર) - ૯૮૨૫૧ ૯૦૦૪૭**

# Congratulations......



## Harsh Pancholi

**B.Tech.**(Electrical Engineering at IIT Bombay)
**M.Tech.** (Communication & Signal Processing at IIT Bombay)
Job at Sumsung Research & Development at Bangalore as a senior software engineer.

*Success is the result of sincerity, hard work and dedication. It is success, You truly deserved. We both are extremely proud of you and are certain that many more steps of success await you.*
*Congratulations and well done....*

*From :-*
*Rajesh Jayantilal Pancholi(Father)*
*Sangita Rajesh Pancholi (Mother)*

**36, Govind Nagar Society, Honey Park Road, Adajan Surat.**
**Mo. : 9878648519 / 9099252719**

# જાહેર અપીલ

સ્નેહી શ્રી

મહામંડળને મળેલ દાનનો રીવ્યુ કરતા એક વાત સામે આવે છે કે બધા ફંડમાં વિધવા સહાય ફંડનું ભંડોળ ખૂબ ઓછું છે. અને એના વ્યાજમાંથી બહેનોને પૂરતી મદદ આપી શકાતી નથી.

સ્વર્ણિમ ફંડ સાથે આપણે ફંડ રેઈઝીંગ માટે એક સ્મરણિકાનું પ્રકાશન કરવાની ગણત્રી કરી હતી આજ દિશામાં આગળ વધતા એક સ્મરણિકા પ્રકાશિત કરવાની વિચારણા છે. આ પ્રોજેક્ટમાં જે ફંડ આવશે તે મહામંડળના વિધવા સહાય ફંડ ખાતે લઇ જવામાં આવશે. અને તેનું વ્યાજ વાપરવામાં આવશે. અમારી આપને નમ્ર વિનંતી છે કે સ્વજનોની યાદમાં અર્પણ તથા બીઝનેશની જાહેરાત એક સારા કામ માટે આપી કે અપાવી આ યજ્ઞમાં એક આહુતી આપના તરફથી અપેક્ષિત છે..

સમાજ સિવાય બહારથી જાહેરાત એકત્ર કરવા ખાસ આગ્રહભરી વિનંતી છે. આપણી જરૂરીઆતમંદ બહેનો માટે આપણે આટલું તો ચોક્કસ કરી શકીએ. અમો દેશ-વિદેશમાં વસતા તમામ જ્ઞાતિજનો તરફથી સહકારની અપેક્ષા રાખીએ છીએ..

## જાહેરાતના દર

| | | | |
|---|---|---|---|
| સ્મરણિકા અર્પણ | રૂા. ૨૫,૦૦૦/- (મલ્ટીકલર) | અંક અર્પણ | રૂા. ૧૫,૦૦૦/- (મલ્ટીકલર) |
| બીજુ કવર પેજ | રૂા. ૨૧,૦૦૦/- (મલ્ટીકલર) | ત્રીજુ કવર પેજ | રૂા. ૨૧,૦૦૦/- (મલ્ટીકલર) |
| ચોથુ કવર પેજ | રૂા. ૩૧,૦૦૦/- (મલ્ટીકલર) | | |
| ફુલ પેજ | રૂા. ૭,૦૦૦/- (મલ્ટીકલર) | હાફ પેજ | રૂા. ૪,૦૦૦/- (મલ્ટીકલર) |
| ફુલ પેજ | રૂા. ૨૫૦૦/- (સીંગલ કલર) | હાફ પેજ | રૂા. ૧૫૦૦/- (સીંગલ કલર) |

**આપની જાહેરાતની મેટર તા. ૧.૧૦.૨૦૧૮ પહેલા નીચેના સરનામે મોકલવા વિનંતી.**

infospssmm@gmail.com નિશીકાંત મિસ્ત્રી અથવા

હેમંતભાઇ સી. મિસ્ત્રી : ૨૦૧, ગુરૂસ્મૃતિ, સોમનાથ મહાદેવ રોડ, અથવાલાઇન્સ સુરત-૩૯૫ ૦૦૭

જાહેરાત વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે. જાહેરાતની રકમ નીચેના એકાઉન્ટમાં જમા કરાવવી અથવા અમોને ચેક દ્વારા પણ મોકલી શકો છો..

**Name** : Shi Pancholi Seva Samaj Mahamandal
**Bank** : Bank of Baroda, Citylight Branch, Surat
**Account No.** : 2690100010065 **IFSC Code** : BARB0CITYLT

એકાઉન્ટમાં રકમ જમા કરાવો તો તેની વોટસએપ ઈમેજ અમોને મોકલવા ખાસ વિનંતી.

૯૯૨૪૨ ૧૧૦૨૨ અથવા ૯૮૨૫૦ ૮૧૩૫૯

સ્મરણિકા જાહેરાત આપનાર દરેકને તથા સમાજના તમામ ઘરે મોકલવામાં આવશે.. તથા મહામંડળની વેબસાઇટ પર મુકવામાં આવશે..

નોંધ : સમાજ ઉપરાંત સમાજ બહારથી વધુમાં વધુ જાહેરાત મેળવી સમાજને સહાયરૂપ થવા વિનંતી..

### આપના

મુકેશભાઇ પી. પંચોલી-ઉપપ્રમુખ   હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ   મનિષભાઇ એમ. પંચોલી-માજીપ્રમુખ
નિશીકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી   ઉમેશભાઇ બી. પંચોલી-ખજાનચી   દેવાંગભાઇ પી. પંચોલી-સહમંત્રી
ડૉ. મહેશભાઇ એમ. મિસ્ત્રી, કિરણભાઇ એમ. પંચોલી, કમલેશભાઇ એચ. ગજ્જર
(ફાયનાન્સ કમિટિ)

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## સપ્ટેમ્બર – ૨૦૧૮

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** રૂા. ૧૦/-
**વાર્ષિક લવાજમ** રૂા. ૧૦૦/-

# તંત્રીની કલમે...



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

ઓગષ્ટમાસ તહેવારોનો માસ પણ આપણા માટે આધાતજનક રહ્યો... અટલજીની વસમી વિદાય અને કેરળમાં કુદરતનો પ્રકોપ અને કેરળ જળબંબાકાર થઇ ગયું.... પૂર્વ પ્રધાનમંત્રી અટલજી માટે પ્રભુ પ્રાર્થના કે એમના આત્માને ચિરઃ શાંતિ મળે.. અને કેરળમાં આ હોનારતમાં મૃત થયેલ વ્યકિત માટે અને હોનારતનો ભોગ બનેલ ત્યાંની પ્રજાજનો માટે પ્રાર્થના કે એઓ આવી પડેલ આ આફતમાંથી ઉગરી જાય અને રાબેતા મુજબ જનજીવન થાળે પડી જાય..

દિવસો કયાં પસાર થાય તે ખબર પડતી નથી.... શ્રાવણમાસ પણ નવયુગ મળશે ત્યાં સુધીમાં પુરા થવાની આરે હશે... પછી ફકત સપ્ટેમ્બર માસ રહ્યો દિપોત્સવી અંકની જાહેરાત માટે... ફકત ૩૦ દિવસ... તો જ્ઞાતિજનો વાર શું જોઇ રહ્યા છો.... મંડી પડો જાહેરાતનું કલેકશન કરવા.... આશા છે કે આપ નિરાશ નહી કરો.....

શ્રીમતિ પલ્લવીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રીનું ‘હાસ્ય હેમંત’ પુસ્તક પ્રકાશિત થયું.... હાર્દિક શુભેચ્છાઓ એમની કલમે સદા હાસ્યની હેમંત ખીલતી રહે... ફોરમતી રહે...

અંતમાં

ધરતી પર નભ નમે તો અમને ગમે..

આ મસ્ત મોસમમાં કોઇ યાદ કરે તો અમને ગમે..

વરસાદ તો વરસે, એની મોસમ છે...

પણ કોઇની લાગણી બે-મોસમ વરસે


તે અમને ગમે......

આપની શુભેચ્છા જાહેરાતો મોકલીને આપની લાગણીથી નવયુગનો દિપોત્સવવી અંક માટે મન મુકીને વરસી પડો.....

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ.......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

કુશળ હશો

ઓગસ્ટ મહિનામાં મેઘરાજે કેરળમાં કાળો કેર વર્તાવ્યો, ૫૦% ઉપરાંત કેરળ પુરનો સામનો કરી રહ્યું છે, તો ગુજરાતની જીવાદોરી સમા ડેમ હજી રુલ લેવલે પહોંચ્યા નથી. ૭રમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી પુરી થતાં સાથે જ એક વધુ દુઃખદ સમાચાર આવ્યા ભારતના પૂર્વ વડાપ્રધાન, સૌમ્ય અને બિનવિવાદાસ્પદ વ્યકિતત્વના માલિક, ભારત રત્ન અટલ બિહારી વાજપેયી આપણી વચ્ચે નથી રહ્યાં, આ કવિ હૃદય મહામાનવના આત્માને પ્રભુ ચિરઃશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના..

નવયુગમાં શૈક્ષણિક સહાય, તબિબિ સહાય તથા અન્ય ફોર્મ પ્રકાશિત કરવામાં આવ્યા છે, દરેક એકમના પ્રમુખ-મંત્રીશ્રીને આગ્રહભરી વિનંતિ છે કે જેઓને જરૂર છે તેઓના જ ફોર્મ પર સહી સિકકા કરી યોગ્ય રીતે ફોર્મ ભરાવી મોકલશો, જે જ્ઞાતિજનો ને મદદ વિના ચાલી શકે એમ હોય તેઓને પ્રોત્સાહન નહી આપવા વિનંતી છે.

સમાજના વિદ્યાર્થીઓને માટે જરૂરી સૂચના કે આપ ઉચ્ચ ડિગ્રી મેળવો ત્યારે નવયુગમાં તેના સમાચાર ભૂલ્યા વિના આપશો, સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી વિદ્યાર્થીનીની પસંદગી નવયુગમાં પ્રકાશિત સમાચાર, અભિનંદનની જાહેરાતના આધારે જ થાય છે, આથી એવુ ન બને કે તમારી એક આળસ તમારી પાત્રતા હોવા છતાં તમો ઈનામ અને ટાયટલથી વંચીત રાખે..

સમાજના ભાઇ બહેનો પોતપોતાના ક્ષેત્રમાં નવા સોપાનો સર કરી રહ્યા છે.. આપણાં સમાજના જાણીતા હાસ્ય લેખિકા પલ્લવીબેન મિસ્ત્રીની નવી બુક 'હાસ્ય હેમંત' પ્રકાશિત થઇ અને હાલમાં જ સુરત ખાતે સાહિત્ય સંગમ દ્વારા ગુજરાતની પ્રખ્યાત હાસ્ય લેખિકાઓને આમંત્રિત કરી હાસ્યોત્સવનું આયોજન કરવામાં આવ્યું જેમાં એક આમંત્રિત લેખીકા શ્રીમતિ પલ્લવીબેન મિસ્ત્રી પણ હતાં..... અભિનંદન..

હાલમાંજ લેસ્ટર નિવાસી અને નવાપુરના શ્રી પ્રવિણભાઇ ગોપાળભાઇ પંચોલીનું લેસ્ટર ખાતે નિધન થયુ, સદ્‌ગત દ્વારા મહામંડળના શૈક્ષણિક સહાય રૂા. ૧,૫૧,૦૦૦ + ૧,૫૧,૦૦૦ મેડિકલ સહાયમાં દાનમાં મળ્યા હતા. મહામંડળના આ દાતાને પ્રભુ ચિરઃશાંતિ આપે એવી પ્રાર્થના

મહામંડળ પોતાના સમાજની બહેનો તથા નિરાધાર વ્યકિતઓને સારી મદદ કરી શકાય એવા આશયથી એક સ્મરણિકા પ્રકાશિત કરવાનું પ્લાનિંગ કરી રહ્યું છે. આ પ્રસંગે આપ સૌ પાસે અમોને ખાસ અપેક્ષા છે, આપણી પાસે જે કાંઇ સંપત્તિ છે તેના આપણે માત્ર ટ્રસ્ટી છીએ બાકી અહીંથી કોઇ એક તણખલુ ય સાથે લઇ જઇ શકતું નથી તો પછી શા માટે આપણી સંપત્તિનો સદ્‌ઉપયોગ ના કરવો ?

**એવું જીવન જીવો કે તમારી જાતને પસંદ આવો, બાકી દુનિયાની પસંદ તો પળે પળે બદલાય છે...**

# વિચાર-વિમર્શ

પથ્થરો પોલાં હશે કોને ખબર ?
લોકો પણ કેવા હશે કોને ખબર ?
મૃત્યુ સત્ય બની આવી જશે
લોકો તો રડશે
પણ આંસું કોના સાચા હશે કોને ખબર ?
એ સમય જ અલગ હતો
મકાનો કાચા હતાં પણ માણસો સાચા હતાં...

સૌને દુઃખ આપવાની તો
આપણી તાકાત નથી
પણ કોઈને દુઃખ ન આપવું
એતો આપણાં હાથની વાત છે...

નવયુગ શુભેચિંતક શ્રી અમૃતલાલ છગનલાલ પંચોલી મુંબઈ સ્વ. ચુનીલાલ છગનલાલ પંચોલી મુંબઈ

# શ્રદ્ધાંજલી



**સ્વ. શારદાબેન જયંતિલાલ પંચોલી**
**સ્વર્ગવાસ : તો ૨૯.૦૭.૨૦૧૮ – અષાઢવદ બીજ**

જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા.
દુ:ખ ને દેખાડયુ નહીં, સુખ ને છલકાવ્યું નહીં..
જીવનભર મહેનત કરી સમગ્ર પરિવારનુ ભલુ કર્યુ.
સમાજમાં સેવા સંસ્કાર ફેલાવી,
સંસ્કાર અને સમર્પણની જ્યોતિ જગાવી...
તમારી ખોટ કદી પુરાશે નહીં...
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર:શાંતિ અર્પે
એજ પ્રભુ પ્રાર્થના.....

યોગેશભાઇ જયંતિલાલ પંચોલી-૯૯૭૪૭ ૪૭૪૭૬
શીતલબેન યોગેશભાઇ પંચોલી
ચિ. પ્રિયાંક
નિલેશભાઇ જયંતિલાલ પંચોલી-૯૯૨૫૭ ૧૦૮૬૯
સેજલબેન નિલેશભાઇ પંચોલી
ચિ. જય - યશ
મુ. પો. આમલેથા, તા. નાંદોદ, જિ. નર્મદા..
પુષ્પકાંત વિઠ્ઠલદાસ પંચોલી
ભાવનાબેન પુષ્પકાંત પંચોલી
ચિ. મનન
બારડોલી

# *Heartly Congratulations...!!!*




**Parth Kanubhai Pancholi**
D.O.B. : 28-03-1994
Degree : Master of
Electrical and Computer Engineering
Lakehead University, Canada

**Best wishes from.....**
Late Himmatbhai M. Pancholi
Madhuben H. Pancholi
Kanubhai H. Pancholi
Chandrikaben K. Pancholi
Shruti Chiragkumar Mapara
Chiragkumar V. Mapara
Chi. Savya Chirag Mapara

**Address**
At. Po. Pavi Jetpur, Dist. Chhotaudepur.
Mo. : 94275 38635



# જીવનની........સંધ્યા ટાણે

નાની અમથી વાતમાં આપણે બન્ને ઝઘડી બેઠા
એક બીજાથી રીસાઇ મુખ ફેરવી બેઠા... ... નાની અમથી

કોણ મનાવે ? કોને મનાવે, આખરે રહ્યાં આપણે બે
મુજ પર તરસ ખાય બોલવું ચાલું કર્યુ તે..
ભૂલ સમજાણી અમે શીર ઝુકાવી બેઠા... ... નાની અમથી

હું રીસાઇશ તો તું મનાવજે, તુ રીસાશે તો હું મનાવીશ
સંસારની સંતાકૂકડીમાં સદા સહનશક્તિ તુ રાખીશ
સપનાની દુનિયામાં કૈક ખ્વાબ સજાવી બેઠા... ... નાની અમથી

વિશાળ ઘરમાં ઘર ઘર રમતાં આપણે બે આનંદે..
નાનાં છમકલા, રીસામણા.. મનામણાં ચાલ્યા કરે વાતે વાતે..
જરાક જેટલી વાતોમાં મહા તોફાન કરી બેઠા... ... નાની અમથી

કલરવ કરતાં પંખીડાઓ એ બાંધ્યો'તો માળો ડાળે
પાંખો પામતા ઉડી ગયા એ રાખી એકલતાને આરે...
મૃગજળ પાસે આ જીવ ખોટી ઉમીદ લગાવી બેઠા.. ... નાની અમથી

સંસાર રૂપી આ સાગરમાં હાલક ડોલક થાયે આ નાવ..
મઝધારે ના ડૂબે નાવડી લાંગરે કિનારે સાવ..
જીવ ઉચાટે જીવન જીવતા કેંક આશ લગાવી બેઠા.. ... નાની અમથી

ચાલ મુંઝાઇશમાં ઓ જીવ ! દુ:ખમાં ઉપરવાળો દેશે હાથ
જલાવીશમાં નીજ અંતરને મોકળા મને ધરજે હળવાશ
કિનારે ડૂબે નાવડી એ અરમાન લગાવી બેઠા.... ... નાની અમથી

જીવનની આ સંધ્યા ટાણે આ આતમને પ્રભુ દેજે સાથ
વિખુટા ના પાડતો આ આત્માને માંગે એ સંગાથ
'અધીર' આ આખરી સફરે એક જ ઝંખના જગાવી બેઠા ... નાની અમથી

અમૃત સી. પંચોલી 'અધીર'
મુંબઇ



# દિપોત્સવી અંક - ૨૦૧૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ☐ | દિપોત્સવી નવયુગ અંક અર્પણ | ₹ ૩,૦૦૦/- | ☐ | મલ્ટીકલર | ₹ ૭,૦૦૦/- |
| ☐ | કલર પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૨,૦૦૦/- | ☐ | બીજુ કવરપેજ | ₹ ૯,૦૦૦/- |
| ☐ | સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- | ☐ | ત્રીજુ કવરપેજ | ₹ ૮,૦૦૦/- |
| ☐ | અડધુ પેજ (એક ફોટા સાથે-૮૦૦/-) | ₹ ૭૫૦/- | ☐ | ચોથુ કવરપેજ | ₹ ૧૦,૦૦૦/- |
| ☐ | પા પેજ (ફોટા સાથે-૪૫૦) | ₹ ૪૦૦/- | | | |

**(પા પેજ, અડધા કે આખા પેજ માં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂ. વધારે આપવાના રહેશે.)**

આ સાથે ઉપર ☑ કરેલ જાહેરાતના રૂ....................રોકડા ('શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/c પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર **014710003655 IFSC code Bkdn 0210147** માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...)

શુભેચ્છા સંદેશ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

ઘરના સભ્યો ના નામો. (૧)..........................................................................................

(૨)........................................................ (૩) ........................................................

(૪)........................................................ (૫) ........................................................

(૬)........................................................ (૭) ........................................................

(૮)........................................................ (૯) ........................................................

સરનામુ : ..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

પીન ...................................... ફોન : (ઘર)...............................(ઓ)...............................

મોબાઇલ ..........................................................................................................

પા પાનાની જાહેરાતમાં લિમીટેડ મેટર લેવામાં આવશે.

પ્રમુખ/મંત્રી/ખબરપત્રી તથા જ્ઞાતિજનોને વિનંતી કે આપની જાહેરાત આ ફોર્મમાં ભરીને જ મોકલવા વિનંતી

**આપની જાહેરાત મોકલવાની છેલ્લી તા. ૨૫.૦૯.૨૦૧૮ પહેલા મોકલાવશો...**

**જાહેરાત મોકલવાનું સ્થળ તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

**વધારાની મેટર પાછળ લખી મોકલશો.....**

# પુસ્તક અને પુરુષ

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ



પત્ની: તમે પુરુષો! કોઇ પણ સુંદર સ્ત્રીને જુઓ છો ત્યારે ભુલી જાઓ છો, કે તમે પરણેલાં છો.

પતિ: તારી ગેરસમજ થાય છે, પ્રિયે. ઊલટાનું ત્યારે જ તો અમને ખાસ યાદ આવે છે, કે અમે પરણેલાં છીએ.

પુસ્તક અને પુરુષ! આ બન્નેની સરખામણી કરતી વખતે આ જોક એટલા માટે યાદ આવી કે, પુરુષનું મુખારવિંદ જોઇને આપણે એ અનુમાન નથી કરી શકતાં કે એના મનમાં કયા વિચારો ચાલી રહ્યાં છે. જ્યારે પુસ્તકનું મુખપ્રુષ્ઠ જોઇને આપણે સમજી શકીએ છીએ કે એમાં શેના વિશે માહિતી આપી હશે. દાખલા તરીકે- મુખપ્રુષ્ઠ એટલે કે પૂંઠા ઉપર નકશા દોર્યા હોય તો એમાં ભૂગોળ એટલે કે દેશવિદેશની માહિતી હોય અને પૂંઠા ઉપર આંકડા આલેખ્યા હોય તો એમાં ગણિત વિશે માહિતી હોય. આમ સરખામણીની દ્રષ્ટિએ જોઇએ તો પુરુષ કરતાં પુસ્તક વધુ સરળ અને સમજી શકાય એવું હોય છે.

પ્રસિધ્ધ હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટ જો આ વાંચતે તો એમ કહેતે કે, 'આ વાત હમેશા સાચી નથી હોતી. એક પુસ્તક- રેતીની રોટલી.- નું મુખપ્રુષ્ઠ જોઇને જો તમને એમ થાય કે આમાંથી રેતીની રોટલી બનાવવાની રેસીપી મળશે તો તમે ખોટાં પડશો. એ –પાકશાસ્ત્ર- નું નહીં, પરંતુ- હાસ્યલેખો-નું પુસ્તક છે.' પ્રસિધ્ધ હાસ્યલેખક શ્રી જ્યોતીન્દ્ર દવેનું આ પુસ્તક વિનોદભાઇને હાસ્યવિભાગના બદલે લાઇબ્રેરીના પાકશાસ્ત્રના વિભાગમાંથી મળી આવ્યું હતું. આ બધી વાત સાચી, પણ કેટલાંક અપવાદોને બાદ કરતાં તમે વિચારશો તો મોટા ભાગના કેસોમાં તમને મારી વાત સાચી લાગશે.

'પુસ્તક' અને 'પુરુષ' બંનેમાં સંખ્યાની દ્રષ્ટિએ સરખા અક્ષરો છે. જો કોઇ ભાષાજ્ઞાની આ વાત વાંચીને એવી દલીલ કરે કે 'ખોટું, 'પુરુષ' શબ્દમાં ત્રણ અક્ષર છે, જ્યારે 'પુસ્તક' શબ્દમાં સાડાત્રણ.' માત્ર સ્વીકારવા ખાતર કે સામી દલીલ ન કરવા ખાતર આપણે એમની વાત સ્વીકારી લઈએ. પણ જરાક ઊંડાણપૂર્વક વિચારતાં માલૂમ પડશે કે 'સ્ત્રી' એ 'પુરુષ'ની અર્ધાંગિની છે. [ આમાં પણ અપવાદ રૂપ કેટલીક સ્ત્રીઓ 'અર્ધાંગિની' ના બદલે 'બમણાંગિની' હોય છે.] એ હિસાબે પુરુષ સ્ત્રી વગર અધૂરો છે. એટલા ખાતર જ પુરુષ શબ્દમાં પુસ્તક શબ્દની સરખામણીએ અડધો અક્ષર ઓછો છે.

પુસ્તક અને પુરુષ, બંને શબ્દનો આરંભ 'ઉકાર'થી અને અંત ''અકાર'થી થાય છે. પરંતુ 'આકાર'ની દ્રષ્ટિએ જોઇએ તો પુસ્તકમાં વિવિધતા અને પુરુષમાં વિચિત્રતા જોવા મળે છે. બંનેની આવ્રુત્તિ બહાર પડે ત્યારે નવાંનકોર, મજબૂત, સુગઠિત, સુંદર અને જોવાં ગમે તેવાં હોય છે. પરંતુ કાળક્રમે ઘસાઇને તેઓ નબળાં, ઢીલાં અને ફિક્કાં પડી જાય છે. પુસ્તક પાસે 'ભાર' અને પુરુષ પાસે 'કાર' હોય ત્યારે લોકો એમને માનની દ્રષ્ટિએ જુએ છે.

પુસ્તક અને પુરુષ, બંનેની સામે કોઇ ચાહકવર્ગ દ્રષ્ટિ માંડે નહિ ત્યાં સુધી બંને મૂલ્યવિહીન હોય છે. બંનેને સાચા કદરદાનની જરુર હોય છે. પુસ્તક ખરીદાયું ના હોય અને પુરુષ પરણ્યો ન હોય, ત્યાં સુધી બંનેનું મૂલ્ય અકબંધ રહે છે. એ પછી બંનેની કિંમત અડધી કે ક્યારેક નહિવત પણ થઇ જાય છે.

પસ્તીવાળો: બહેન, કોઇ 'ભંગાર-બંગાર' આપવાનો છે?

બહેન: અમારા 'એ' ઓફિસે ગયા છે, ઘરે આવે પછી આવજે.

આ તો એક જોક છે. પણ હકીકત એ છે કે, પુસ્તકને તો પસ્તીમાં આપીને એની થોડીઘણી કિંમત પણ ઉપજાવી

શકાય છે, જ્યારે પુરુષને?

પુસ્તક અને પુરુષ, બંને પાસે ઘણું જ્ઞાન અને જાણકારી હોય છે. પરંતુ તે મેળવવા કે કઢાવવા આપણે ઘણા પ્રયત્નો કરવાં પડે છે. અનેક પ્રયત્નો બાદ પણ પૂરેપૂરી સફળતા નથી મળતી. જો કે પુસ્તક ન સમજાય તો એને સમજવા માટે ગાઇડ ઉપલબ્ધ હોય છે, જ્યારે પુરુષને સમજવા? તોબા! તોબા! આમ તો પુરુષો જ કહેતાં ફરે છે કે 'સ્ત્રીને સમજવી અઘરી છે.' પણ એક સ્ત્રી તરીકે મને હમેશાં લાગ્યું છે, કે પુરુષોને સમજવા અઘરાં, ના, ના. અઘરાં નહિ, લગભગ અશક્ય જ છે. દાખલા તરીકે-

આપણે એને નજીકની દુકાનેથી ઘર માટે કંઇક ચીજ ખરીદવા માટે મોકલવા માંગીએ ત્યારે એ, 'થાકી ગયો છું' નું બહાનું બતાવી, ખુરશીમાં બેસી ટી.વી. ઉપર ફાલતુ પ્રોગ્રામ્સ જોયા કરશે. પણ બે જ મિનિટ પછી જો આપણી સુંદર પડોશણ એને ઘણે દૂરની દુકાનેથી કશુંક લાવી આપવા કહેશે તો એનામાં શક્તિનો અજબ સંચાર થઇ જશે, અને ટી.વી. પર પ્રોગ્રામ જોવાનું છોડીને તરત જ જઇને કામ પતાવી આપશે.

પુસ્તક અને પુરુષ, એમાં પુસ્તકની સમૃદ્ધિ વધે ત્યારે એનાં 'પેજ'ની સંખ્યામાં વધારો થાય છે. અને પુરુષની સમૃદ્ધિ વધે છે ત્યારે એના 'પેટ'ના ઘેરાવામાં વધારો થાય છે. પુસ્તક જ્ઞાન આપે છે અને પુરુષ પગાર આપે છે. એકવાર મેળવેલું જ્ઞાન મોટેભાગે નાશ પામતું નથી. જ્યારે એકવાર મેળવેલો પગાર મહિનાના અંતે પૂરો થઇ જાય છે. કેટલીક વાર પગાર પહેલો પૂરો થાય છે અને મહિનો પછી. આવી પરિસ્થિતિમાં પુરુષ પાસે પગાર ઉપરાંતની કમાણી પણ માંગવી પડે છે. મોટા ભાગનાં પુરુષો આ બાબતમાં ઉદાર હોય છે, અને સ્ત્રીઓને તેઓ પગાર ઉપરાંતની કમાણી પણ આપી દે છે. પરંતુ કેટલાંક પુરુષો અતિ ઉદાર હોવાને કારણે શ્રી જ્યોતિંદ્ર દવેની ભાષામાં કહીએ તો સ્ત્રીઓને 'પગાર' ઉપરાંત 'પ્રહાર' પણ આપે છે.

પુસ્તકોને વ્યવસ્થિત રીતે ગોઠવીને કબાટમાં સરખાં મૂકી શકાય છે. જ્યારે જંગલમાં આડેધડ ઉગી નીકળેલાં ઝાડવાં જેવાં અસ્તવ્યસ્ત પુરુષોને ક્યાંય પણ ગોઠવીને રાખવાં અત્યંત અઘરાં છે. પુસ્તકો પર લાગેલી ધૂળને કપડાંથી ઝાપટીને સાફ કરી શકાય છે. પણ પુરુષોને લાગેલી ખરાબ ટેવો – વ્યસનોરુપી –ધૂળને કશાયથી ઝાપટીને સાફ કરી શકાતી નથી.

પુસ્તકો આપણી સાથે વાતચીત કરી શકતાં નથી. પુરુષો સાથે પણ લગભગ એવું જ હોય છે. તફાવત હોય તો માત્ર એટલો કે, વાતચીત દરમિયાન પુસ્તક પાસે આપણે નકામા 'હોંકારા'ની આશા પણ રાખતાં નથી.અને અંતમાં એટલું જ કહેવાનું કે-

'પુસ્તકો આપણે ધારીએ એટલાં વસાવી શકાય છે.'

નમતી ડાળને,
કારણ વિના વાઢી નાખી
ને પછી છાંયડાની શોધમાં,
આખી જિંદગી કાઢી નાખી.

## બીજી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. સંદિપભાઈ નરેન્દ્રભાઈ પંચોલી**
**જન્મ : તા. ૨૩.૧૧.૧૯૮૨ સ્વર્ગવાસ : ૧૯.૦૮.૨૦૧૬**

પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે
એજ પ્રાર્થના


નરેન્દ્રભાઈ ચીમનલાલ પંચોલી
માલતીબેન નરેન્દ્રભાઈ પંચોલી
અંકિતકુમાર નરેન્દ્રભાઈ પંચોલી

એ-૧૫, જ્ઞાનદિપનગર સોસાયટી, જલારામ મંદિર પાછળ,
પાલનપુર રોડ, સુરત - મો. ૯૩૭૭૦ ૨૯૭૮૯

# તેજસ્વી તારલા



જય સૌરભકુમાર પંચોલી
વડોદરા
SSC 84%



હેતવી જીતેશકુમાર પંચોલી
બીલીમોરા
CBSC -83%



વેદાંત જીજ્ઞેશકુમાર પંચોલી
વડોદરા
HSC Per-97.15




ધ્રુવી કમલેશભાઇ પંચોલી
વડોદરા– Sci-
Per - 93.96



રચના જીતેન્દ્રકુમાર પંચોલી
વડોદરા
B.Com. 61 %



દીશા દેવાંગ પંચોલી
વડોદરા
Master of Human Resource management 64%



પાર્થ કનુભાઇ પંચોલી
પાવી–જેતપુર
Elect. and Comp. Engineering

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ’ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

દરેક માણસ એની
જીભ પાછળ છુપાયેલો
હોય છે....
જો એને સમજવો હોય તો
એને બોલવા દો....

‘લાગણી’
એ....
માણસની અંદર રહેલા,
માણસનું સરનામું છે.......

તક તો સાવ મફતમાં મળે છે
જો ચૂકી જાઓ
તોજ
મોંઘી પડે છે....

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સમાજ-વડોદરા



શ્રી પંચોલી સમાજ વડોદરા વર્ષ ૨૦૧૮-૧૯ની સામાન્ય સભાનું આયોજન તા. ૨૨.૭.૨૦૧૮ રવિવારના રોજ સાંજે ૪ થી ૭ કલાકે વડિલ વિસામો, વાઘોડિયા રોડ પર રાખવામાં આવી હતી.

સામાન્ય સભાની શરૂઆતમાં વડોદરા એકમના પ્રમુખ શ્રી પદ્માકાંતભાઇ પંચોલી, ઉપપ્રમુખ શ્રી પંચોલી નારણભાઇ, વરિષ્ટ મંડળના પૂર્વપ્રમુખ શ્રી મધુસુદનભાઇ પંચોલી, મહિલામંડળના પ્રમુખ શ્રીમતિ સુરેખાબેન પંચોલીને સ્ટેજ પર આમંત્રિત કરી બિરાજવા વિનંતી કરી.

પ્રમુખશ્રી પદ્માકાંતભાઇએ સામાન્ય સભાના કાર્યકારી પ્રમુખ તરીકે શ્રી મધુભાઇ ડે. પંચોલીના નામની દરખાસ્ત મુકી અને સમાજના સભ્યોએ સર્વાનુમતે સ્વીકારી.

પદ્માકાંતભાઇએ આજના સમારંભના પ્રમુખ શ્રી મધુભાઇ ડે. પંચોલીનું ફુલ બુકે આપીને સ્વાગત કર્યુ. અને એમની મંજુરીથી સામાન્ય સભાની શરૂઆત કરી.

સામાન્ય સભાની શરૂઆત કુ. જાન્વી અને કુ. પ્રાપ્તિની પ્રાર્થના ગાન સાથે કરવામાં આવી. વડોદરા એકમમાં દિવંગત થયેલ સ્વ. બાબુભાઇ મપારા(પૂર્વ પ્રમુખ) સ્વ. જિતેન્દ્રભાઇ પંચોલી(પૂર્વ ઉપપ્રમુખ), સ્વ. ગજેન્દ્રભાઇ મપારા(પૂર્વ ઉપપ્રમુખ અને ખજાનચી) સ્વ. કૃણાલકુમાર(ક્રિકેટર) અને અન્ય દિવંગત આત્માની સદ્‌ગતિને શાંતિ માટે સૌ સભ્યોએ ઉભા થઇ બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલી અર્પી.

પ્રમુખશ્રી પદ્માકાંતભાઇ એ સ્વાગત, આવકાર પ્રવચન આપતા છેલ્લા બે વર્ષ દરમ્યાન એકમમાં થયેલ કાર્યો જેવા કે ડિજીટલ સમાજની પહેલ માટે 'વેબ સાઇટ લોંચીંગ', મહામંડળની પ્રવૃત્તિઓમાં તેજસ્વી મહિલા મંડળનું પ્રથમ સ્થાન, ક્રિકેટ ટીમનું દ્વિતીય સ્થાન વગેરે માટે સહકાર આપનાર સર્વે કારોબારી સભ્યો તથા જ્ઞાતિજનો સભ્યોનો આભાર વ્યકત કર્યો. વરિષ્ઠ નાગરિક મંડળના પૂર્વ પ્રમુખશ્રી મધુસુદનભાઇ પંચોલીએ એમના કાર્યકાળની કામગીરીનો અહેવાલ આપ્યો. તેજસ્વીની મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ સુરેખાબેન પંચોલીએ એમના કાર્યકાળની સુચી રજૂ કરી અને મહામંડળમાં તેજસ્વી મહિલા મંડળનું પ્રથમ સ્થાન આવવા બદલ સર્વે કારોબારી સભ્યો અને મહિલા મંડળના મેમ્બરનો આભાર વ્યકત કર્યો. વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ દરમિયાન થયેલા કાર્યો અને નાણાંકીય હિસાબોની રજુઆત સમાજના ઉપપ્રમુખ શ્રી નારણભાઇ પંચોલીએ કરી જેને સર્વાનુમતે મંજુર રવામાં આવ્યા.

શ્રી પંચોલી સમાજ વડોદરાની ૧૨-કારોબારીના દરેક સભ્યોનું સન્માન શ્રી મધુભાઇ ડે. પંચોલીએ ગીફ્ટ આપી કર્યુ. શ્રી હરિશભાઇ પંચોલી અને શ્રી રમેશભાઇ પંચોલીએ કારોબારી સભ્યોના ચાર વર્ષના કાર્યકાળના ભાવ-પ્રતિભાવ આપ્યા.

વડોદરા સમાજની ૧૨મી કારોબારીનો કાર્યકાળ પુરો થતો હોવાને કારણે સમારંભના પ્રમુખશ્રી મધુભાઇ ડે. પંચોલીએ સમાજના સભ્યો અને પૂર્વ પ્રમુખશ્રી પદ્માકાંતભાઇને ૧૩મી કારોબારીના સભ્યોની વરણી કરવા દરખાસ્ત મુકી. વડોદરા સમાજના હાજર રહેલ સભ્યોના સર્વાનુમતે વડોદરા એકમ વર્ષ ૨૦૧૮-૨૦૨૦ની કારોબારી ટીમની નીચે મુજબ વરણી કરવામાં આવી.

શ્રી પંચોલી સમાજ વડોદરાની ૧૩મી કારોબારી

| | | |
|---|---|---|
| પ્રમુખ | - | શ્રી દેવાંગભાઇ પી. પંચોલી |
| ઉપપ્રમુખ | - | શ્રી નારણભાઇ ઓ. પંચોલી |
| મંત્રી | - | શ્રી હેમંતભાઇ એસ. પંચોલી |

સહમંત્રી - શ્રી ગિરીશભાઇ એમ. પંચોલી
ખજાનચી - શ્રી હરનિશભાઇ જી. પંચોલી
શૈક્ષણિક કન્વીનર - શ્રી નરેશભાઇ એન. પંચોલી
હિસાબ ઓડિટ - શ્રી રમેશભાઇ આર. પંચોલી
અને કમિટિ મેમ્બર
કમિટિ મેમ્બર - શ્રી અશ્વિનભાઇ એમ. પંચોલી
- શ્રી વિપીનભાઇ બી. પંચોલી
- શ્રી પંકજભાઇ કે. પંચોલી
- શ્રી જીગરભાઇ એન. મપારા
- શ્રી ભરતભાઇ જી. પંચોલી
- શ્રી હરિશભાઇ એમ. પંચોલી
- શ્રી પરેશભાઇ એસ. પંચોલી
- શ્રી સચિનભાઇ આર. પંચોલી
- શ્રી નટવરલાલ એમ. પંચોલી
- શ્રી ગિરીશભાઇ એચ. પંચોલી
- શ્રી સ્નેહલભાઇ એમ. પંચોલી
- શ્રી જૈમિનભાઇ વી. પંચોલી
- શ્રી ભાવનાબેન ડે. પંચોલી
- શ્રી શીલાબેન એ. પંચોલી
- શ્રી અર્ચનાબેન વાય. પંચોલી

તેજસ્વીની મહિલા મંડળ
પ્રમુખ - શ્રીમતિ સુરેખાબેન બી. પંચોલી
મંત્રી - શ્રીમતિ આનંદીબેન એન. પંચોલી

યુવા કલબ
પ્રમુખ - શ્રી ધર્મેશભાઇ સી. પંચોલી
મંત્રી - શ્રી જયભાઇ એમ. પંચોલી

વરિષ્ઠ નાગરિક મંડળ
પ્રમુખ - શ્રી કનુભાઇ સી. પંચોલી
મંત્રી - શ્રી રાજેશભાઇ જે. પંચોલી

વેબસાઇટ કમિટિ
પ્રમુખ - શ્રી હેમંતભાઇ એસ. પંચોલી
મંત્રી - શ્રી શિવમભાઇ એ. પંચોલી

એડવાઇઝરી કમિટિ
મેમ્બર - શ્રી રમેશભાઇ એન. પંચોલી
- શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી
- શ્રી મધુભાઇ કે. પંચોલી
- શ્રી સૂર્યકાંતભાઇ એમ. પંચોલી
- શ્રી મધુસુદનભાઇ સી. પંચોલી
- શ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલી

શ્રી પંચોલી સમાજની નવી વરણી કરેલ કારોબારી કમિટિનું સ્વાગત પૂર્વ પ્રમુખ શ્રી પદ્માકાંતભાઇ પંચોલીએ બુકે આપી કર્યું. નવા વરાયેલા પ્રમુખશ્રી દેવાંગભાઇએ પોતાના આવનાર કાર્યકાળ દરમ્યાન ભવિષ્યની રૂપરેખાની રજૂઆત કરતા યુવાન સભ્યો અને સમાજના દરેક સભ્યોને આગળ લાવવા પર ભાર મૂકયો. યુવા પ્રમુખ શ્રી ધર્મેશભાઇએ આવનારા સમયમાં યુવા ટીમ ભેગી કરી કઇ અને કેવી રીતે કામગીરી કરવા માંગે છે તેની રજુઆત કરી. વેબસાઇટ કમિટિના પ્રમુખ શ્રી હેમંતભાઇ વેબસાઇટનો ઉપયોગ સમાજના કાર્યોમાં કઇ રીતે કરવો અને ભવિષ્યમાં વેબસાઇટ પોતાના સર્વર પર ખસેડવાનો પ્લાન તથા સમાજના સમાચાર, સભ્યોના શુભ-અશુભ પ્રસંગો વેબ સાઇટ પર મુકવા જણાવ્યું. શ્રી નારણભાઇ પંચોલીએ એનાઉન્સર શ્રીમતિ અર્ચનાબેન અને કુ. જાન્વી તેમજ સર્વે સભ્યોના સાથ-સહકાર બદલ આભાર વિધી કરી. અંતે સર્વેએ રાષ્ટ્રગાન કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

મળેલ દાન
૧૦૦૧ સ્વ. હસમુખલાલ ગોર્ધનદાસ પંચોલીના સ્મરણાર્થે ઇંદુબેન હસમુખલાલ પંચોલી તરફથી શૈક્ષણિક સહાયમાં મળ્યા.
૫૦૦ વિધવા સહાય તથા
૫૦૦ પંચોલી સમાજને સ્વ. ઇશ્વરલાલ જગજીવનદાસ પંચોલીના સ્મરણાર્થે કુંતલભાઇ ઇશ્વરલાલ પંચોલી તરફથી મળ્યા...

## સ્વયં યુવા સંગઠન-બીલીમોરા

બીલીમોરા યુવા સંગઠનની સામાન્ય સભા તા. ૧૧ ઓગષ્ટના રોજ શ્રીમતિ ટવીન્કલ જીતેશભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાતે ૯ કલાકે મળી હતી.

જેમાં બહોળી સંખ્યામાં સભ્યો હાજર રહ્યાં હતાં. સૌ પ્રથમ સ્વાતંત્ર્યદિન નિમિત્તે દેશભકિતના ગીતો ગાયા. તથા સ્વાતંત્ર્યદિન નિમિત્તે વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી. જેમાં કુ. હીર જીગરભાઇ પંચોલી વિજેતા થયા. અંતે સૌએ પંજાબી વાનગી અને આઇસક્રીમને ન્યાય આપી તથા ટવીન્કલબેનનો આભાર વ્યકત કરી આગામી માસમાં મળવાનું નક્કી કરી છુટા પડયાં.

તા. ૧૫ ઓગષ્ટના રોજ શ્રી કેશરીચંદ ભાણાભાઇ કન્યાશાળામાં સૌ યુવા મિત્રો ધ્વજવંદન કરવા ભેગા મળ્યા. ધ્વજવંદનબાદ શ્રીમતિ ભાવિકાબેને દેશભકિત ગીત ગાયુ અને વિદ્યાર્થીઓ પાસે ગવડાવ્યું. સ્વયં ગ્રુપ તરફથી સૌને ચોકલેટનું વિરણ કરવામાં આવ્યું. ત્યારબાદ સૌ છુટા પડયા.

**પંચોલી સમાજ-રાજપીપલા**

૫૧ પ્રકાશકુમાર અરવિંદભાઇ પંચોલીના જન્મદિન નિમિત્તે.. અસ્તે અરવિંદભાઇ ગો. પંચોલી

૧૦૧ જયોતિષબેન ઠાકોરભાઇ પંચોલી-ભરૂચ તરફથી જન્મદિન નિમિત્તે.

૧૦૧ અમિષાબેન ધવલકુમાર પંચોલી-ભરૂચ તરફથી જન્મદિન નિમિત્તે.

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ

શ્રી સુરત પંચોલી જ્ઞાતિ પંચની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪.૧૦.૨૦૧૮ને રવિવારના રોજ સાંજે ૩:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. સુરત પંચના દરેક સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતિ.

**સભા સ્થળ :** ચિલ્ડ્રન પાર્ટી પ્લોટ, સુરત મ્યુ. કોર્પોરેશન, ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે અડાજણ, સુરત

અગત્યની નોંધ : દરેક સભ્યોએ મિટિંગ સુધીમાં વાર્ષિક ફીની રકમ વહીવટદારશ્રી અથવા સુરત પંચના હોદ્દેદારોને જમા કરાવી રસીદ મેળવી લેવી. તથા શ્રી સુરત સમસ્ત પંચના સભાસદોને નીચે મુજબની માહિતી વાંચી શકાય એવા અક્ષરોમાં ભરીને તા. ૨૦.૯.૨૦૧૮ સુધીમાં વહીવટદારશ્રીના વ્હોટસએપ નંબર ૯૯૭૯૧ ૧૨૧૦૧ પર મોકલવી અથવા રૂબરૂ વાડીની ઓફિસ પર જમા કરાવવી અનિવાર્ય છે...

| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | મંત્રી | ખજાનચી | વહિવટદાર |
|---|---|---|---|---|
| મુકેશ ડે. પંચોલી | કમલેશ એચ. ગજ્જર | ધવલ જે. પંચોલી | ઉમેશ બી. પંચોલી | અમૃતલાલ એન. મહેતા |

સભાસદ નંબર

સભાસદનું નામ(ઘરના મુખ્ય વ્યકિત) :..........................................................................

ઘરના કુલ સભ્યો : ............ અપરણિત : ............... સ્ત્રી/પુ : ............. ઉંમર : ..................

સરહેઠાણનું સરનામું : ઘર/ફલેટ નં. : ........................ સોસાયટી : .....................................

.................................................... નજીકનું પ્રખ્યાત સ્થળ : .......................................

એરીયા : ................. શહેર : .................................. પીન : ....................................

મુખ્ય વ્યકિતનો મો. નંબર/વ્હોટસએપ નં. : .....................................................................

**શ્રી સુરત સમસ્ત પંચના સભાસદોએ જમા કરાવવું અનિાર્ય છે..વ્હોટસએપ નંબર ૯૯૭૯૧ ૧૨૧૦૧**

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



તેજસ્વી મહિલા મંડળ-વડોદરાની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૬.૮.૨૦૧૮ને સોમવારના રોજ બપોરે ૨.૩૦ કલાકે શ્રીમતિ હર્ષાબેન જે પંચોલીના નિવાસ સ્થાને મળી હતી. જેમાં તમામ કારોબારી સભ્યોએ હાજરી આપી હતી. સર્વે બહેનોનું સ્વાગત કોફી-બિસ્કીટ સાથે કરવામાં આવ્યું. સમૂહમાં રંગઅવધૂત મહારાજની ધૂન અને સ્તુતિ કરી મિટિંગની શરૂઆત કરી. દિવંગત આત્માઓને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી.

મંત્રી શ્રીમતિ આનંદી બેને ગત મિટિંગની કાર્યવાહીનો અહેવાલનું વાંચન કર્યુ.કારોબારી સભ્યોના દિકરા-દીકરીઓની સગાઇ, બર્થડે તેમજ દાદા-દાદી બનવાના પ્રસંગ નિમિત્તે ખુશી વ્યકત કરી મોં મીઠું કરાવી શુભેચ્છાઓ પાઠવી.

સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે દેશભકિતના ગીતોની સ્પર્ધા યોજવામાં આવી. દરેક બહેનોએ આગવી વેષભૂષા કરી દેશભકિત ગીતો રજૂ કર્યા. જેમાં પ્રથમ શ્રી જ્યોત્સનાબેન અને દ્વિતીય આનંદીબેન વિજેતા જાહેર થયા.

ગોકુળ અષ્ટમી નિમિત્તે 'મટકી ડેકોરેશન' સ્પર્ધામાં મટકીને સુંદર કલાત્મક રીતે શણગારવામાં આવી. જેમાં પ્રથમ નિકુંજબેન અને દ્વિતીય લીનાબેનની મટકી પસંદગી પામી.

રંગોળી હરિફાઇ રાખવામાં આવી હતી જેમાં ત્રિરંગો કલરનો ઉપયોગ કરી રંગોળી બનાવવાની હતી. જેમાં રંગીન ફૂલો, રંગો અને પર્ણનો ઉપયોગ કરી સુંદર રંગોળી બનાવવામાં આવી હતી. જેના પ્રથમ વિજેતા આનંદીબેન તેમજ દ્વિતીય વિજેતા જ્યોત્સનાબેન જાહેર થયા.

હર્ષાબેને વનમિનિટ ગેમ રમાડી જેમાં હર્ષાબેન તરફથી ઇનામો જાહેર કરવામાં આવ્યા. જેના પ્રથમ વિજેતા નિકુંજબેન, દ્વિતીય વિજેતા નિતાબેન અને તૃતીય વિજેતા શીલાબેન થયા. અંતમાં હાઉસી પણ રમ્યા.

ત્રણેય કોમ્પીટીશનના નિર્ણાયક તરીકે શ્રીમતિ ઝેનીબેને (નવરચના સ્કૂલ ટીચર) સેવા આપી હતી. અને વિજેતાઓને એમના વરદ હસ્તે ઇનામ વિતરણ કરવામાં આવ્યું.

અંતમાં સ્વાદિષ્ટ ભોજનનો અનેરો રસાસ્વાદ માણ્યો. સુંદર વ્યવસ્થા, સ્વાદિષ્ટ ભોજન કરાવવા બદલ હર્ષાબેન તેમજ પરિવારજનોનો આભાર માનવામાં આવ્યો. અગામી મિટિંગ નિતાબેન એચ. પંચોલીને તયાં રાખવાની જાહેરાત કરી છુટા પડયા.

## શ્રી પંચોલી ભગીની સમાજ-રાજપીપલા

તા. ૫.૬.૨૦૧૮ના રોજ હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. હિનાબેને સ્પ્રાઇટથી સૌનું સ્વાગત કર્યુ. પ્રોજેકટ મંત્રીશ્રીએ શરબતનો પ્રોજેકટ શરૂ કર્યો. જેના વિજેતા પ્રથમ હિનાબેન સી. પંચોલી-બીલાનું શરબત, દ્વિતીય-જયશ્રીબેન ડી. પંચોલી-શકકરટેટી શરબત અને તૃતીય સ્મિતાબેન સી. પંચોલી-પાનનું શરબત. વિજેતા બહેનોને મંડળ તરફથી ઇનામ આપવામાં આવ્યા.

રમત રમ્યા જેમાં હાઉસી અને દીવા બનાવવાની રમત રમ્યા. જેના વિજેતા દક્ષાબેન પંચોલી અને દ્વિતીય

રાજશ્રીબેન એમ. પંચોલી.

અધિકમાસ નિમિત્તે હિનાબેન તરફથી સભ્ય બહેનોને કાંસાની વાડકીની લ્હાણી આપી. અંતમાં ગુજરાતી ભોજનનો આનંદ માણ્યો. તા. ૭.૭.૧૮ના રોજ અનસુયાબેનને ત્યાં મિટિંગ રાખવાનું નક્કી કરી સૌ છુટા પડયા.

તા. ૭.૭.૨૦૧૮ના રોજ અનસુયાબેન બાળક્રિષ્ણભાઇ પંચોલીને ત્યાં મિટિંગ રાખવામાં આવી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સ્પ્રાઇટથી સૌનું સ્વાગત કર્યુ.

પ્રોજેકટ મંત્રીએ ગ્રેઇનનો પ્રોજેકટ કરાવ્યો. વિશ્વ યોગા ડે નિમિત્તેઉષાબેને બધાને યોગા કરાવ્યા. અનસુયાબેને વન મિનિટ તથા હાઉસી રમાડયા. એનીવર્સરી તથા બર્થડે નિમિત્તે નીચે મુજબની ભેટ મળી.

૫૧ જયશ્રીબેન દિપેનભાઇ પંચોલી
૫૧ રેખાબેન રમેશભાઇ પંચોલી
૫૧ સ્નેહાબેન ધર્મેન્દ્રભાઇ પંચોલી
૫૧ અનસુયાબેન બાલકૃષ્ણ પંચોલી
૫૧ પૂર્ણિમાબેન નરેન્દ્રભાઇ પંચોલી

અનસુયાબેન તરફથી રગડા પેટીશનો આસ્વાદ સૌએ માણ્યો. આગામી મિટિંગ નિધિ નિરવકુમાર પંચોલીને ત્યાં તા. ૪.૮.૨૦૧૮ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવી અંતમાં મંત્રીશ્રીએ નવયુગ અહેવાલ વાંચી આભારમાની સૌ છુટા પડયા.

તા. ૪.૮.૨૦૧૮ના રોજ નિધિ નિરવ પંચોલીને ત્યાં મિટિંગ રાખવામાં આવી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સૌનું સ્વાગત ખસના શરબતથી કરવામાં આવ્યું.

ગણેશ વંદના કરી મૃતકોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. આજરોજ પ્રોજેકટ મંત્રી એ નાવડી પ્રોજેકટ તથા દેશભકિત ગીત સ્પર્ધાનો પ્રોજેકટ આપ્યો હતો તેમાં દેશભકિત ગીત વિજેતા પ્રથમ જયશ્રીબેન પંચોલી, દ્વિતીય નયનાબેન પંચોલી અને તૃતીય નિધિબેન પંચોલી વિજેતા થયા. નાવડી પ્રોજેકટમાં પ્રથમ નયનાબેન પંચોલી, દ્વિતીય જયશ્રીબેન પંચોલી અને તૃતિય સ્મિતાબેન પંચોલી વિજેતા થયા. નિધિબેને વન મિનિટ ગેમ રમાડી અને હાઉસી પણ રમાડી.

આજરોજ બર્થડે નિમિત્તે હિનાબેન ચંદ્રકાંતભાઇ પંચોલી તરફથી રૂા. ૫૧, રેખાબેન ડે. પંચોલી તરફથી રૂા. ૫૧, અને નિધિબેન નિરવકુમાર પંચોલી તરફથી રૂા. ૧૦૧ ભેટ મળ્યા. અંતમાં પંજાબી ભોજનને ન્યાય આપી આગામી મિટિંગ રેખાબેન આર. પંચોલીને તયાં તા. ૮.૯.૨૦૧૮ના રોજ રાખડી બનાવવાની અને પૂજાની થાળી તૈયાર કરી લાવવાની જાહેરાત કરી રેખાબેને નિધિબેનનો આભાર માની સૌ છુટા પડયા..

## શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૨.૦૭.૨૦૧૮ના રોજ શ્રી પ્રગતિ મહિલા મંડળની મિટિંગ પંચોલી વાડી માં રાખવામાં આવી હતી. મિટિંગની શરૂઆત રંજનબેનની પ્રાર્થનાથી કરવામાં આવી. આજની સરપ્રાઇઝ હેતલબેને રમાડી. તેના વિજેતા રીમાબેન જયભાઇ ગાંધી વિજેતા થયા. અલુણા તથા જયાપાર્વતિ વ્રત નિમિત્તે ખાયણાગીતની સ્પર્ધા રાખવામાં આવી જેના નિર્ણાયક તરીકે રશ્મીબેને સેવા આપી હતી. સ્પર્ધાના વિજેતા પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-પ્રથમ, પદમાબેન હસમુખભાઇ પંચોલી દ્વિતીય વિજેતા બન્યા. અંતે રશ્મીબેને સુંદર ખાયણાં તથા વર્ષાગીતોની રજુઆત કરી. મહિલા મંડળ તરફથી રશ્મીબેનને સ્મૃતિ ભેટ આપી આભાર વ્યકત કર્યો.

રૂા. ૧૦૧ ચંદ્રકલાબેન ચંદ્રકાંતભાઇ પંચોલલી તરફથી પુત્રી તેજલની પૂણ્યતિથિ નિમિત્તે ભેટ મળ્યા. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

ઓગસ્ટ માસની મિટિંગ તા. ૫.૦૮.૨૦૧૮ના રોજ પંચોલી વાડીમાં રાખવામાં આછી હતી. મિટિંગની શરૂઆત રાષ્ટ્રગીત ગાઇને કરવામાં આવી. રંજનબેને

સરપ્રાઇઝ રમાડી જેમાં વિજેતા મનિષાબેન નિતેષભાઇ પંચોલી થયા. મહિલા સંગઠન દ્વારા આપવામાં આવેલ પ્રોજેકટમાંથી સ્વતંત્ર્યદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં બહેનો ત્રિરંગાના ડ્રેસ કોડમાં આવ્યા હતાં. દેશભકિત ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી નિર્ણાયક તરીકે પ્રીતિબેન શાહને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. દેશભકિત ગીતમાં પ્રથમ - જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી અને દ્વિતીય ક્રમે ભૂમીબેન તેજસભાઇ પંચોલી વિજેતા બન્યા.

ઓગસ્ટમાસમાં રક્ષાબંધન આવતી હોવાથી રાખડી મેકિંગની સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં પ્રથમ-સોનલબેન સુનિલભાઇ પંચોલી અને દ્વિતીય - નેહાબેન જેનિષભાઇ પંચોલી વિજેતા થયા હતાં. ૫ ઓગસ્ટ ફ્રેન્ડશીપ ડે હોવાથી દરેક બહેનોએ એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી ઉજવણી કરવામાં આવી. પ્રીતિબેને સુંદર ગુજરાતી ગીત ગાયું.

બારડોલીના દિપ્તીબેન મિસ્ત્રીએ હર્બલ લાઇફ ન્યુટ્રીશ્યનનો ડેમો રજુ કર્યો હતો. જેમાં બહેનોના ચેક અપ પણ કરવામાં આવ્યું અને તંદુરસ્તી શેની વિશેષ માહિતી તથા સમજણ આપવામાં આવી હતી. અંતમાં નાસ્તાને ન્યાય આપી બહેનો છુટા પડયા.

૫૧ પ્રભાબેન જમીયતભાઇ પંચોલી-બર્થડે
૫૦ રંજનબેન નવિનભાઇ પંચોલી-બર્થડે
૧૦૧ નયનાબેન બિપીનભાઇ પંચોલી-એનીવર્સરી
૫૦ મધુકાંતાબેન દિનેશભાઇ પંચોલી-બર્થડે
૫૦ અલ્કાબેન દર્શનભાઇ પંચોલી-બર્થડે
દાતાઓનો ખૂબ ખૂબ આભાર.....

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૦૮.૦૮.૨૦૧૮ના રોજ અંકલેશ્વર મહિલા મંડળની મિટિંગ હેતલબેન નિમેષભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. ૧૫મી ઓગસ્ટ આવતી હોય દરેક બહેનો ત્રિરંગા કલરના વસ્ત્રો પીરધાન કરી આવી હતી. મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આછી હતી. આજરોજ પ્રોજેકટ અનુસાર દેશભકિત ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને નીપાબેન મૌલિકકુમાર મિસ્ત્રીએ સેવા આપી હતી. આ સ્પર્ધાના જિતા પ્રથમ ખુશ્બુ વિસ્મરય મિસ્ત્રી અને દ્વિતીય નીતાબેન રાજેશભાઇ પંચોલી થયા હતા.

વિશ્વ યોગ ડે નિમિત્તે ખુશ્બુબેન તથા નીપાબેને યોગ કરાવ્યા હતાં તથા યોગ વિશે વિશેષ સમજણ આપી હતી..

૧૦૧ મધુબેન ઠાકોરભાઇ મિસ્ત્રી-બર્થડે
૫૦ જીત નિમેષભાઇ મિસ્ત્રી-દાદાની બર્થડે નિમિત્તે
૫૦ ભાવના મલય મિસ્ત્રી-બર્થડે
૧૦૦ સોનલ મનલજભાઇ મિસ્ત્રી-પપ્પની બર્થડે નિમિત્તે.

અંતમાં રાષ્ટ્રગીતને માન આપી અને અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા હતા.

તા. ૧૪.૮.૨૦૧૮ના રોજ રક્ષાબંધનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી. જેમાં અંકલેશ્વર સ્થિત મંદબુદ્ધિના બાળકોની શાળા 'શૈશવ'માં બધી બહેનોએ જઇ બાળકોને રક્ષાબંધન કરવામાં આવ્યું હતું. બાળકોને મહિલા મંડળ તરફથી સબ્જી-પુરી અને બુંદીના લાડુનો અલ્પાહાર આપવામાં આવ્યો હતો.

મીરાબેન મહેશભાઇ મિસ્ત્રી તરફથી કલરબોક્ષ અને પેન્સિલ બોક્ષ, દક્ષાબેન દિનેશભાઇ તરફથી દરેક બાળકોને રક્ષાબંધન કરવામાં આવ્યું હતું. તથા નીપાબેન અને ખુશ્બુબેન તથા સોનલબેન તરફથી બિસ્કીટ, ચોકલેટ આપવામાં આવી હતી...

## શ્રી પંચોલી મહિલા મંડળ-સુરત

સુરત મંડળની મિટિંગ તા. ૧૫.૦૮.૨૦૧૮ને બુધવારના રોજ અઠવાલાઇન્સ સ્થીત મંડળના સભ્ય ગીતાબેન ધર્મેશભાઇ મારફતીયાના ઘરે રાખવામાં આવી હતી.

મિટિંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. સભ્યો રાષ્ટ્રધ્વજના કોઈપણ એક રંગના ડ્રેસમાં હાજર રહ્યાં હતાં. સાથે મળીને દેશભક્તિ ગીતો અને રાષ્ટ્રધ્વજને માન આપી રાષ્ટ્રગીતનું ગાન કર્યુ હતું. શ્રાવણમાસ હોવાથી ભજન સંધ્યાનો આનંદ પણ માણ્યો.

આપણાં સમાજની છોકરીઓ લગ્ન કરી બીજા સમાજમાં લગ્ન કરી ગયા હોય તેમને મહિલા મંડળમાં સભ્યપદ આપવા માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. અંતે સર્વાનુમતે આ નિર્ણયને વધાવી લેવામાં આવ્યો.

નવરાત્રી ઉજવણી કેવી રીતે કરવી એ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. આજ રોજ ૪૦ સભ્યો હાજર રહ્યા હતાં. આજરોજ નીચે મુજબ દાન મળ્યું.

| | |
|---|---|
| ૧૦૧ | દિપ્તીબેન વિરેનભાઇ પંચોલી |
| ૧૦૧ | કવિતાબેન ચેતનભાઇ પંચોલી |
| ૧૦૧ | સરસ્વતીબેનના સ્મરણાર્થે છાયાબેન મુકેશભાઇ પંચોલી તરફથી |
| ૧૦૦ | ગીતાબેન ધર્મેશભાઇ મારફતીયા |

અંતમાં ફરાળી અલ્પાહારને ન્યાય આપ્યા બાદ જયભોલે નાથના નાદ સાથે છુટા પડયા.

## શ્રી પંચોલી મહિલા મંડળ-બીલીમોરા

બીલીમોરા મહિલા મંડળની બહેનો તા. ૧૫મી ઓગષ્ટના રોજ શ્રી કેશરીચંદ ભાણાભાઈ કન્યાશાળામાં ધ્વજવંદન માટે મહિલા મંડળની બહેનો બહોળી સંખ્યામાં હાજર રહી હતી. ધ્વજવંદન બાદ શ્રીમતિ જયશ્રીબેને નાનકડુ પ્રવચન આપ્યું હતું. શ્રીમતિ શોભાબેને શાળા પરિવારને ભેટ આપી હતી.

મહિલા મંડળની સામાન્ય સભા તા. ૧૭ ઓગસ્ટના સાજે ચાર કલાકે શ્રીમતિ જયશ્રીબેન બિપીનભાઇ મિસ્ત્રીના નિવાસ સ્થાને મળી હતી. પ્રથમ નલીનીબેન અને દક્ષાબેને શ્રી કૃષ્ણજન્મને લગતા ભજનો ગાયા.

બે ગૃપ પાડી સૌ બહેનોએ દેશભક્તિ ગીતો, જન્માષ્ટમી અને શ્રાવણમાસ નિમિત્તે ભજનો અને ગીતોની રમઝટ મચાવી હતી. ત્યારબાદ ઘરેથી લાવેલી સામગ્રીમાંથી મટકી શણગાર કરી હતી જેમાં દમયંતીબેનની મટકીને પ્રથમ સ્થાન મળ્યું હતું.

કાશ્મીરાબેન, ઉર્મિલાબેન તથા ભાવનાબેને કૃષ્ણલીલાના ચરિત્રો જણાવ્યા હતાં. સર્વે બહેનોએ શ્રદ્ધાથી પ્રસંગોનું શ્રવણ કર્યુ હતું.

અંતે શીતળા સાતમ નિમિત્તે જયશ્રીબહેને સૌને શિતળાસાતમની વાનગીઓનલ રસાસ્વાદ કરાવ્યો. જયશ્રીબેનનું આતિથ્ય માણી આગામી મિટિંગમાં મળવાનું નકકી કરી છુટા પડયા.

## માઈક્રોફિકેશન વાર્તા

## જબરા

પલ્લવી મિસ્ત્રી-અમદાવાદ

મમ્મી તો જબરા નીકળ્યા છતે દીકરે પોતાની દોઢ કરોડની મિલ્કત ટ્રસ્ટમાં આપી દીધી.

બહેન ને પણ કયાં કશું આપ્યું છે ?

તમે બહુ ભોળા છો, પણ મને બધી ખબર છે, મમ્મી વારે તહેવારે બેનના ઘરે રહેવા જતા, તે ખાલી હાથ નહોતા જતા, થેલા ભરી ભરીને સામાન લઇ જતા મમમ્મીને વારે તહેવારુ આપણે ઘરે બોલાવ્યા હોત તો થેલા ભરી ભરીને સામાન આપણા ઘરે આવ્યો હોત, ખરુને?

આપણુ એમને છેક જ નહોતા બોલાવ્યા એવું તો નહોતું ને ?

તારી વાત સાચી છે, એકવાર બહારગામ રહેતા તારા પપ્પાનું અવસાન થયું, તે જ વખતે છોકરાઓની પરીક્ષા હતી, એટલે મમ્મીને બોલાવવા પડેલા, અને બીજીવાર તારું ઓપરેશન થયું, તું હોસ્પિટલમાં હતી તયારે મમ્મીને રહેવા બોલાવેલા.

સાંભળ્યું છે કે બહેનનું ઘર મમ્મીએ જ લઇ આપ્યું છે, મમ્મીને પહેલેથી જ તમારા કરતાં બહેન પર વધારે પ્રેમ.

હવે બોલવાનું બંધ કરીશ ? મમ્મીએ જે કર્યુ તે ઠીક જ કર્યુ.

## હેપી બર્થડે.....




ધ્યાની સ્વપ્નીલકુમાર
પંચોલી-સુરત
૦૪.૦૯.૨૦૧૪

## શતમ્ જીવમ્ શરદ :



પુષ્પાબેન બાબુભાઇ મપારા
વડોદરા-તા. ૬.૮.૨૦૧૮ના રોજ
૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર
પંચોલી સમાજની હાર્દિક
શુભેચ્છાઓ..



મધુભાઇ કે. પંચોલી
વડોદરાતા. ૦૨.૮.૨૦૧૮ના રોજ
૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર
પંચોલી સમાજની હાર્દિક
શુભેચ્છાઓ..

## એકવાર જાવુ હરિના ધામમાં




આમલેથા નિવાસી ગં.સ્વ. શારદાબેન જયંતિલાલ પંચોલી તા. ૨૯.૦૭. ૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૯




મુંબઇ-દહીસર નિવાસી ગં.સ્વ. કાંતાબેન ગણેશભાઇ મિસ્ત્રી પંચોલી તા. ૦૫.૦૮.૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.



પાવીજેતપુર નિવાસી મનિષાબેન ભુપેન્દ્રભાઇ પંચોલી તા. ૨૦.૦૬. ૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.




## અનુકરણિય



વડોદરા નિવાસી શ્રી મધુભાઇ કે. પંચોલી તરફથી રૂા. ૫,૦૦૦/-નું દાન એમની તા. ૦૨.૮.૨૦૧૮ના રોજ ૭૫ મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને વિધવા સહાયમાં દાન મળ્યુ.... ખૂબ ખૂબ આભાર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રદ્ધાંજલી



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૫૧,૦૦૦/- શૈક્ષણિક સહાય અને રૂા. ૧,૫૧,૦૦૦/- મેડિકલ સહાયમાં માતબર દાન આપનાર નવાપુર અને હાલ લેસ્ટર નિવાસી

**શ્રી પ્રવિણભાઈ ગોપાળભાઈ પંચોલી**

નું દુઃખદ અવસાન થયું છે...

સમાજે એક અમૂલ્ય દાતા ગુમાવ્યા છે...

પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આકસ્મિક આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે એજ પ્રાર્થના...

**અર્પણકર્તા**

શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ    શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-મહામંત્રી

તથા સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા.૫૦૦/- વડોદરા નિવાસી માનનીય પુષ્પાબેન બાબુભાઇ મપારાની ૭૫મી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૫૦૦/- મુંબઇ-કાંદીવલી નિવાસી નિલેશકુમાર રજનીકાંત પંચોલી તરફથી પુત્રી નિષ્ઠા SSCમાં ઉર્તિણ થઇ તે નિમિત્તે.

રૂા. ૫૦૦/- પાવી-જેતપુર નિવાસી ચંદ્રિકાબેન કનુભાઇ પંચોલી તરફથી સર્વિસમાંથી નિવૃત થયા તે નિમિત્તે.

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મણીલાલ ભાણાભાઈ પંચોલી નવાપુર | સ્વ. વ્રજલાલ ખુશાલદાસ ગાંધી નવાપુર

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**